Sunday
10.12.2023
✳Volume :8 ✳ Issue No.137
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

પ્રધાનમંત્રીએ ઈન્ફિનિટી ફોરમ ૨.૦માં સંબોધન કર્યું

"ભારત ક્ષમતા અને પ્રગતિનાં એક પ્રતીક તરીકે બહાર આવ્યો છે"

"ભારતની વિકાસગાથા સરકારની નીતિગત, સુશાસન અને નાગરિકોના કલ્યાણની સર્વોચ્ચ પ્રાથમિકતા પર આધારિત છે"

"ભારત દુનિયા માટે આશાનું એક કિરણ છે, જે એનાં મજબૂત અર્થતંત્ર અને ગત દાયકાના પરિવર્તનકારક સુધારાઓનું પરિણામ છે"



"ભારત હાલ દુનિયામાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતાં ફિનટેક બજારો પૈકીનું એક છે"

"ગિફ્ટ સિટીની કલ્પના એક ગતિશીલ વ્યવસ્થા તરીકે કરવામાં આવી છે, જે આંતરરાષ્ટ્રીય ધિરાણની પૃષ્ઠભૂમિને નવેસરથી પરિભાષિત કરશે"

"અમે ગિફ્ટ સિટીને અદ્યતન વૈશ્વિક ધિરાણ અને ટેકનોલોજી સેવાઓનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા ઇચ્છીએ છીએ"

- **"સીઓપી૨૮ બેઠકમાં ભારતે પૃથ્વીલક્ષી પહેલ 'ગ્લોબલ ગ્રીન ક્રેડિટ ઇનિશિયેટિવ' રજૂ કરી છે"**
- **"ભારત ઊંડા લોકશાહી મૂલ્યો તથા વેપાર અને વાણિજ્યની ઐતિહાસિક પરંપરાઓ ધરાવતો દેશ છે"**

"ગિફ્ટ આઇએફએસસીનું અદ્યતન ડિજિટલ માળખું એક મંચ પૂરો પાડે છે, જે વ્યવસાયોને કાર્યદક્ષતા વધારવા સક્ષમ બનાવે છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સ મારફતે ફિનટેક પર વૈશ્વિક વિચાર માટે લીડરશિપ પ્લેટફોર્મ ઈન્ફિનિટી ફોરમની બીજી એડિશનને સંબોધન કર્યું હતું. બીજી ઈન્ફિનિટી ફોરમનું આયોજન સંયુક્તપણે ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (આઈએફએસસીએ) અને ભારત સરકારના નેજા હેઠળ ગિફ્ટ સિટીએ કર્યું હતું, જે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ની પૂર્વેનું સંમેલન હતું. બીજી ઈન્ફિનિટી ફોરમનો વિષય હતો – 'ગિફ્ટ-આઈએફએસસી: અદ્યતન વૈશ્વિક ધિરાણ સેવાઓ માટે મુખ્ય કેન્દ્ર.' પ્રધાનમંત્રીએ સંમેલનને સંબોધન કરતાં ડિસેમ્બર, ૨૦૨૧માં ઈન્ફિનિટી ફોરમની પ્રથમ એડિશનના આયોજન દરમિયાન મહામારીને કારણે વૈશ્વિક આર્થિક સ્થિતિની અનિશ્ચિતતાનો સામનો કરતી દુનિયાને યાદ કરી હતી. હજુ પણ આ ચિંતાજનક સ્થિતિનું સંપૂર્ણપણે સમાધાન થયું નથી એ બાબત પર ભાર મૂકીને અને ભૂરાજકીય તણાવો, ઊંચી મોંઘવારી અને ઋણનું ઊંચું સ્તરના પડકારનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ મજબૂતી અને પ્રગતિના પ્રતીક તરીકે ભારતના વિકાસ વિશે વાત કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ પ્રકારનાં સ્થિતિસંજોગોમાં ગિફ્ટસિટીમાં આપ્રકારની બેઠકનું આયોજન ગુજરાત માટે ગર્વની વાત છે અને તેના વિકાસને નવી ઊંચાઈ પર લઈ જાય છે. પ્રધાનમંત્રીએ યુનેસ્કોના અમૂર્ત સાંસ્કૃતિક સાંસ્કૃતિક વારસા અંતર્ગત 'ગરબા'ને સામેલ કરવા પર ગુજરાતના લોકોને અભિનંદન આપવાની તક પણ ઝડપી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, "ગુજરાતની સફળતા રાષ્ટ્રની સફળતા છે." પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો હતો કે, ભારતની વિકાસગાથા સરકારની નીતિ, સુશાસન અને નાગરિકોના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર આધારિત છે. તેમણે જાણકારી આપી હતી કે, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિના કે અર્ધવાર્ષિક ગાળા દરમિયાન ભારતનો વૃદ્ધિદર ૭.૭ ટકા રહ્યો છે. સપ્ટેમ્બર, ૨૦૨૩માં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ)એ કરેલા ઉલ્લેખ મુજબ, પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક વૃદ્ધિદરમાં ભારતનું પ્રદાન ૧૬ ટકા છે. તેમણે વિશ્વ બેંકનાં અભિપ્રાયને પણ ટાંક્યો હતો અને કહ્યું હતું કે, "વૈશ્વિક પડકારો વચ્ચે ભારતીય અર્થતંત્રને લઈને દુનિયાને વધારે આશાઓ છે." શ્રી મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીના એવા નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો હતો કે, દક્ષિણ ધ્રુવમાં સ્થિત દેશો (ગ્લોબલ સાઉથ)ને નેતૃત્વ ભારત મોખરેથી કરી રહ્યું છે. તેમણે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના રોકાણની શ્રેષ્ઠ તકોનું સર્જન કરવા ભારતમાં બાબુશાહીમાં ઘટાડા વિશેના અવલોકનનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત દુનિયા માટે આશાનું કિરણ છે, જે માટે એનું મજબૂત અર્થતંત્ર અને છેલ્લાં ૧૦ વર્ષમાં સરકારે હાથ ધરેલા પરિવર્તનકારક સુધારાઓ જવાબદાર છે. તેમણે ભારત લાંબા ગાળાની વૃદ્ધિ અને આર્થિક ક્ષમતાના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત હોવાની બાબતોને પણ દેશના વિકાસનો શ્રેય આપ્યો હતો, ખાસ કરીને બાકી દુનિયા રાજકોષીય અને નાણાકીય રાહતો આપી રહી છે ત્યારે. વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકલન કે જોડાણ વધારવાના લક્ષ્યાંક પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ ઘણાં ક્ષેત્રોમાં સાનુકૂળ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ)ની નીતિ, નીતિનિયમોના પાલનમાં ઘટાડાની ઉપલબ્ધિઓ ગણાવી હતી તથા આજે થયેલી ૩ મુક્ત વેપાર સમજૂતી (એફટીએ)નો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગિફ્ટ આઈએફએસસીએ ભારત અને વૈશ્વિક ધિરાણ બજારોને સંકલિત કરવા એક મોટા સુધારાનો ભાગ છે. તેમણે ઉમેર્યું હતું કે, "ગિફ્ટ સિટીની કલ્પના એક ગતિશીલ વ્યવસ્થા તરીકે કરવામાં આવી છે, જે આંતરરાષ્ટ્રીય ધિરાણની પૃષ્ઠભૂમિને નવેસરથી પરિભાષિત કરશે." શ્રી મોદીએ ભાર મૂક્યો હતો કે, આ નવીનતા, કાર્યદક્ષતા અને વૈશ્વિક જોડાણના નવા માપદંડો સ્થાપિત કરશે. તેમણે વર્ષ ૨૦૨૦માં એકીકૃત નિયમનકાર તરીકે ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (આઈએફએસસીએ – આંતરરાષ્ટ્રીય ધિરાણ સેવાઓના કેન્દ્રોનું સત્તામંડળ)ની સ્થાપનાને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવ્યું હતું. તેમણે જાણકારી આપી હતી કે, આઈએફએસસીએએ ૨૭ નિયમનો બનાવ્યાં છે અને ૧૦ માળખાગત કામગીરી શરૂ કરી છે, જેથી આર્થિક અનિશ્ચિતતાના આ સમયગાળા દરમિયાન રોકાણના નવા વિકલ્પો ઊભા થાય. પ્રધાનમંત્રી મોદીએ એ ઉલ્લેખ કરીને ખુશી વ્યક્ત કરી હતી કે, ઈન્ફિનિટી ફોરમની પ્રથમ એડિશન દરમિયાન પ્રાપ્ત થયેલા સૂચનોનો અમલ શરૂ થયો છે, જે માટે તેમણે એપ્રિલ, ૨૦૨૨માં આઈએફએસસીએ દ્વારા અધિસૂચિત થયેલી ફંડ વ્યવસ્થાપનની કામગીરીઓનું સંચાલન કરવા સંપૂર્ણ માળખાનું ઉદાહરણ આપ્યું હતું. પ્રધાનમંત્રીએ એવી જાણકારી પણ આપી હતી કે, ૮૦ ફંડ મેનેજમેન્ટ કંપનીઓ અત્યારે આઈએફએસસીએ અંતર્ગત નોંધાયેલી છે, જેણે ૨૪ અબજ ડોલરથી વધારેનું ફંડ સ્થાપિત કર્યું છે અને ૨ અગ્રણી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓને વર્ષ ૨૦૨૪માં ગિફ્ટ આઈએફએસસીમાં તેમના અભ્યાસક્રમો શરૂ કરવાની મંજૂરી મળી ગઈ છે. તેમણે મે, ૨૦૨૨માં આઈએફએસસીએ દ્વારા જાહેર થયેલા વિમાન ભાડાપટ્ટે આપવા માટેના માળખાનો ઉલ્લેખ પણ કર્યો હતો, જે અંતર્ગત અત્યારે ૨૬ એકમોએ કામગીરી શરૂ કરી દીધી છે. આઈએફએસસીએની કામગીરીમાં વધારાની શક્યતા વિશે પ્રધાનમંત્રીએ ગિફ્ટ આઈએફએસસીને પરંપરાગત ધિરાણ અને સાહસોથી પર લઈ જવાના સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ કહ્યું હતું કે, "અમે ગિફ્ટ સિટીને અદ્યતન વૈશ્વિક ધિરાણ અને ટેકનોલોજી સેવાઓનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવા ઈચ્છીએ છીએ." તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ગિફ્ટ સિટી દ્વારા આપવામાં આવતી સેવાઓ અને ઉત્પાદનો દુનિયાના પડકારોનું સમાધાન કરવામાં મદદરૂપ થશે અને હિતધારકો તેમાં મોટી ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રી મોદીએ આબોહવામાં પરિવર્તનનાં ઊડીને આંખે વળગે એવા મોટા અને માનવજાત માટે મુશ્કેલીરૂપ પડકાર પર ધ્યાન દોર્યું હતું અને સાથે સાથે દુનિયામાં સૌથી મોટાં અર્થતંત્રો પૈકીનાં એક તરીકે ભારતીય અર્થતંત્રની ચિંતા પર ભાર મૂક્યો હતો. તેમણે તાજેતરમાં યોજાયેલી સીઓપી૨૮ની બેઠક દરમિયાન ભારતે વ્યક્ત કરેલી પ્રતિબદ્ધતા વિશે જાણકારી આપી હતી અને કહ્યું હતું કે, ભારત અને દુનિયાના વૈશ્વિક લક્ષ્યાંકો હાંસલ થાય એની ખાતરી કરવા વાજબી ખર્ચે ધિરાણની પર્યાપ્ત ઉપલબ્ધતા કરાવવી જોઈએ. તેમણે વૈશ્વિક વૃદ્ધિ અને સ્થિરતા જાળવી રાખવા સતત ધિરાણ માટેની જરૂરિયાતાની સમજણનો પુનરોચ્ચાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, જી૨૦ની અધ્યક્ષતા દરમિયાન ભારતની પ્રાથમિકતાઓ પૈકીની એક પ્રાથમિકતા હતી– વૈશ્વિક વૃદ્ધિ અને સ્થિરતા. તેમણે જણાવ્યું હતું કે, એનાથી પર્યાવરણને વધારે અનુકૂળ, વધારે મજબૂત અને વધારે સર્વસમાવેશક સમાજો અને અર્થતંત્રો તરફ આગેકૂચને વેગ મળશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતુ કે, કેટલાંક અંદાજોમાં જણાવ્યા મુજબ, ભારતને ઓછામાં ઓછા ૧૦ ટ્રિલિયન ડોલરની પણ જરૂર પડશે, જેમાં આ રોકાણનો ચોક્કસ હિસ્સો વૈશ્વિક સ્તોત્રો દ્વારા પણ મેળવવામાં આવશે, જેથી વર્ષ ૨૦૭૦ સુધીમાં ભારતનો નેટ ઝીરો એટલે કે કાર્બનનું ઉત્સર્જન સંપૂર્ણ બંધ કરવાનો લક્ષ્યાંક હાંસલ થાય. તેમણે આઈએફએસસીને સતત ધિરાણનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવા ભાર મૂક્યો હતો. આ વિશે તેમણે કહ્યું હતું કે, "ગિફ્ટ આઈએફએસસી ભારતને કાર્બનનું ઓછું ઉત્સર્જન કરતું અર્થતંત્ર બનાવવા પર્યાવરણને અનુકૂળ ધિરાણનો જરૂરી પ્રવાહ માટે એક અસરકારક માધ્યમ છે. ગ્રીન બોન્ડ્સ, સસ્ટેઈનેબલ બોન્ડ્સ અને સસ્ટેઈનેબિલિટી લિંક્ડ બોન્ડ્સ જેવા ધિરાણ ઉત્પાદનોનો વિકાસ સંપૂર્ણ દુનિયાનો માર્ગ સરળ બનાવશે." તેમણે સીઓપી૨૮માં પૃથ્વીલક્ષી અભિયાન તરીકે ભારત દ્વારા 'ગ્લોબલ ગ્રીન ક્રેડિટ પહેલ'ની રજૂઆત વિશે પણ જાણકારી આપી હતી. શ્રી મોદીએ ઉદ્યોગજગતના આગેવાનોને પર્યાવરણને અનુરૂપ ધિરાણ માટે બજાર વ્યવસ્થા વિકસાવવા પર તેમના વિચારો રજૂ કરવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "હાલ ભારત દુનિયામાં ફિનટેક બજારોમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતાં બજારો પૈકીનું એક છે." તેમણે નોંધ્યું હતું કે, ફિનટેક ક્ષેત્રમાં ભારતની ક્ષમતા ગિફ્ટ આઈએફએસસીના વિઝન સાથે સુસંગત છે, જેનાં પરિણામે આ ફિન-ટેકનું ઝડપથી વિકસતું કેન્દ્ર બની ગયું છે. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૨૨માં ફિનટેક માટે પ્રગતિશીલ નિયમનકારી માળખાગત કાર્ય જાહેર કરવાની આઈએફએસસીએની ઉપલબ્ધિઓ ગણાવી હતી અને તેમણે આઈએફએસસીએની ફિનટેક પ્રોત્સાહન યોજનાની પ્રશંસા કરી હતી, જે ભારત અને વિદેશી ફિનટેક કંપનીઓને નવીનતા અને ઉદ્યોગસાહસિકતાનો પ્રોત્સાહન આપવા માટે સહાય પ્રદાન કરે છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, ગિફ્ટ સિટી ગ્લોબલ ફિનટેકની દુનિયાનું પ્રવેશદ્વાર બનવાની અને દુનિયા માટે ફિનટેકની પ્રયોગશાળા બનવાની ક્ષમતા ધરાવે છે. તેમણે રોકાણકારોને આનો મહત્તમ લાભ ઉઠાવવા પણ અપીલ કરી હતી. ગિફ્ટ-આઈએફએસસીની વૈશ્વિક મૂડીના પ્રવાહ માટે મુખ્ય પ્રવેશદ્વાર બનવાની સંભવિતતા પર પ્રકાશ પાડીને પ્રધાનમંત્રીએ 'ટ્રાઈ-સિટી' એટલે કે ઐતિહાસિક શહેર અમદાવાદ અને રાજધાની ગાંધીનગર વચ્ચે સ્થિત હોવાની વિભાવના સમજાવી હતી, જે એને ઉત્કૃષ્ટ જોડાણની સુવિધા આપે છે. તેમણે કહ્યું હતું કે, "ગિફ્ટ આઈએફએસસીની અદ્યતન ડિજિટલ માળખાગત સુવિધાઓ એક મંચ પ્રદાન કરે છે, જે વ્યવસાયોને કાર્યદક્ષતા વધારવા સક્ષમ બનાવે છે." પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, ગિફ્ટ આઈએફએસસી એક ચુંબકની જેમ વિકસી રહ્યું છે, જે ધિરાણ અને ટેકનોલોજીની દુનિયાના સૌથી પ્રતિભાશાળી વ્યક્તિઓને આકર્ષે છે. તેમણે જાણકારી આપી હતી કે, અત્યારે આઈએફએસસીમાં ૫૮ કંપનીઓ, ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ સહિત ૩ એક્સચેન્જ, ૯ વિદેશી બેંકો સહિત ૨૫ બેંકો, ૨૯ વીમાકંપનીઓ, ૨ વિદેશી યુનિવર્સિટીઓ, કન્સલ્ટિંગ કંપનીઓ, કાયદાકીય સલાહ આપતી કંપનીઓ અને સીએ કંપનીઓ સહિત ૫૦ ઉપરાંત વ્યવસાયિક સેવાપ્રદાતાઓ કાર્યરત છે. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ગિફ્ટ સિટી આગામી થોડાં વર્ષોમાં દુનિયામાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ધિરાણ કેન્દ્રો પૈકીનું એક બની જશે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, "ભારત ઊંડા લોકશાહી મૂળિયા તથા વેપાર અને વાણિજ્યની ઐતિહાસિક પરંપરા ધરાવતો દેશ છે." ભારતમાં દરેક રોકાણકાર કે કંપની માટે વિવિધ પ્રકારની પ્રચૂર તકો હોવાની વાત કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ગિફ્ટના સંબંધમાં ભારતનું વિઝન ભારતની વિકાસગાથા સાથે જોડાયેલું છે. પ્રધાનમંત્રીએ આ માટે ઉદાહરણો આપીને દરરોજ ૪ લાખ એરપેસેન્જર્સના એર ટ્રાફિકનો, વર્ષ ૨૦૧૪માં પેસેન્જર વિમાનની સંખ્યા ૪૦૦થી વધીને હાલ ૭૦૦ થવાનો તથા છેલ્લાં નવ વર્ષ દરમિયાન ભારતમાં એરપોર્ટની સંખ્યા બમણી થઈ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "અમારી એરલાઈનો આગામી વર્ષમાં આશરે ૧૦૦૦ વિમાનો ખરીદવા જઈ રહી છે." તેમણે ગિફ્ટ સિટી દ્વારા વિમાન ભાડાપટ્ટાની વિવિધ સુવિધા વિશે પણ જાણકારી આપી હતી. તેમણે આઈએફએસસીએની જહાજ ભાડાપટ્ટે આપવાના માળખા, આઈટી ક્ષેત્રમાં મોટી સંખ્યામાં પ્રતિભાશાળીઓ, ડેટાની સલામતી સાથે સંબંધિત કાયદાઓની જાણકારી આપી હતી તેમજ ગિફ્ટની ડેટા એમ્બેસીની પહેલ તમામ દેશો અને વ્યવસાયો માટે ડિજિટલ સાતત્યતા જાળવવા સલામતની સુવિધાઓ આપે છે એવો ઉલ્લેખ પણ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, "ભારતની યુવા પ્રતિભાસંપન્ન પેઢીને કારણે અમે તમામ મોટી કંપનીઓના વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો માટે આધારરૂપ બની ગયા છીએ." બેઠકના અંતે સંબોધનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત આગામી થોડાં વર્ષોમાં દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકાસશીલ રાષ્ટ્ર બની જશે. તેમણે આ સફરમાં મૂડીના નવા સ્વરૂપો, ડિજિટલ ટેકનોલોજીઓ અને અદ્યતન ધિરાણ સેવાઓની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટીએ એના કાર્યદક્ષ નિયમનો, પ્લગ-એન્ડ-પ્લે માળખા, ભારતીય અંતરિયાળ વિસ્તારોનાં મોટાં અર્થતંત્ર, કામગીરીનાં ખર્ચના ફાયદા અને પ્રતિભાના લાભ સાથે વિશિષ્ટ તકોનું સર્જન કર્યું છે. તેમણે તમામ રોકાણકારોને આમંત્રણ આપીને કહ્યું હતું કે, "ચાલો આપણે વૈશ્વિક સ્વપ્નો સાકાર કરવા ગિફ્ટ આઈએફએસસી સાથે ખભેખભો મિલાવીને આગેકૂચ કરીએ. વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન પણ ટૂંક સમયમાં થશે." પોતાની વાણીને વિરામ આપતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, "ચાલો આપણે દુનિયાની ગંભીર સમસ્યાઓનું સમાધાન શોધવા ખભેખભો મિલાવીને સંશોધન કરીએ અને નવીનતા લાવીએ"

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ રવિવાર, ૧૦મી ડિસેમ્બરે બિહારના પટનામાં ઈસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠકની અધ્યક્ષતા કરશે

છેલ્લા ૯ વર્ષોમાં, ૨૦૧૪ થી, વિવિધ ઝોનલ કાઉન્સિલની કુલ ૫૫ બેઠકો યોજાઈ છે જેમાં સ્થાયી સમિતિઓની ૨૯ બેઠકો અને ઝોનલ કાઉન્સિલની ૨૬ બેઠકોનો સમાવેશ થાય છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સર્વાંગી વિકાસ હાંસલ કરવા માટે સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદનો લાભ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે



ઝોનલ કાઉન્સિલની દરેક બેઠકમાં રાષ્ટ્રીય મહત્વના ઘણા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવે છે

ઝોનલ કાઉન્સિલ માને છે કે મજબૂત રાજ્યો એક મજબૂત રાષ્ટ્ર બનાવે છે અને બે કે તેથી વધુ રાજ્યો અથવા કેન્દ્ર અને રાજ્યોને અસર કરતા મુદ્દાઓ પર નિયમિત સંવાદ અને ચર્ચા માટે એક પ્લેટફોર્મ અને પદ્ધતિસરની પદ્ધતિ પ્રદાન કરે છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ રવિવાર, ૧૦મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ બિહારના પટનામાં પૂર્વ ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠકની અધ્યક્ષતા કરશે. પૂર્વ ઝોનલ કાઉન્સિલમાં બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડ રાજ્યોનો સમાવેશ થાય છે. બિહાર સરકારના સહયોગથી ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળના આંતર રાજ્ય પરિષદ સચિવાલય દ્વારા આયોજિત કરવામાં આવી રહી છે. પૂર્વ ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠકમાં બે વરિષ્ઠો સાથે સભ્ય રાજ્યોના મુખ્ય મંત્રીઓ, દરેક રાજ્યના મંત્રીઓ ભાગ લેશે. આ બેઠકમાં રાજ્ય સરકારોના મુખ્ય સચિવો અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ ભાગ લેશે. રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૧૫-૨૨ હેઠળ વર્ષ ૧૯૫૭માં પાંચ ઝોનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી આ પાંચ ઝોનલ કાઉન્સિલના અધ્યક્ષ છે, જ્યારે રાજ્યોના મુખ્ય મંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસક/લેફ્ટનન્ટ ગવર્નર સંબંધિત ઝોનલ કાઉન્સિલમાંથી તેના સભ્યો છે, જેમાંથી એક દર વર્ષે પરિભ્રમણ દ્વારા વાઈસ-ચેરમેન છે. દરેક રાજ્યમાંથી વધુ બે મંત્રીઓને રાજ્યપાલ દ્વારા કાઉન્સિલના સભ્યો તરીકે નામાંકિત કરવામાં આવે છે. દરેક ઝોનલ કાઉન્સિલે મુખ્ય સચિવોના સ્તરે એક સ્થાયી સમિતિની પણ રચના કરી છે. બિહારના મુખ્યમંત્રી ઈસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠકના ઉપાધ્યક્ષ છે. રાજ્યો દ્વારા પ્રસ્તાવિત મુદ્દાઓ સૌ પ્રથમ સંબંધિત ઝોનલ કાઉન્સિલની સ્થાયી સમિતિ સમક્ષ ચર્ચા માટે રજૂ કરવામાં આવે છે. જે મુદ્દાઓ પરસ્પર સંમતિથી ઉકેલી શકાતા નથી તે ઝોનલ કાઉન્સિલની બેઠકમાં ચર્ચા માટે રજૂ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સર્વાંગી વિકાસ હાંસલ કરવા માટે સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદનો લાભ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ઝોનલ કાઉન્સિલ માને છે કે મજબૂત રાજ્યો એક મજબૂત રાષ્ટ્ર બનાવે છે અને બે કે તેથી વધુ રાજ્યો અથવા કેન્દ્ર અને રાજ્યોને અસર કરતા મુદ્દાઓ પર નિયમિત સંવાદ અને ચર્ચા માટે પ્લેટફોર્મ અને પદ્ધતિસરની પદ્ધતિ પ્રદાન કરે છે. છેલ્લા ૯ વર્ષોમાં, ૨૦૧૪ થી, વિવિધ ઝોનલ કાઉન્સિલની કુલ ૫૫ બેઠકો યોજાઈ છે જેમાં સ્થાયી સમિતિઓની ૨૯ બેઠકો અને ઝોનલ કાઉન્સિલની ૨૬ બેઠકોનો સમાવેશ થાય છે. ઝોનલ કાઉન્સિલ સલાહકારની ભૂમિકા ભજવે છે, પરંતુ વર્ષોથી આ પરિષદો વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સમજણ અને સહકારને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ મિકેનિઝમ તરીકે ઉભરી આવી છે. કાઉન્સિલની બેઠકોમાં રાગીની સમકક્ષ કોડો, કુટકી અને અન્ય નાની બાજરીના પાકોના લઘુત્તમ ટેકાના ભાવ, વ્યાપક કાંપ વ્યવસ્થાપન નીતિ હેઠળ જલ શક્તિ મંત્રાલય દ્વારા ૨૦૨૨માં સેડિમેન્ટ મેનેજમેન્ટ માટે નેશનલ ફ્રેમવર્ક બહાર પાડવા જેવા ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા જેમાં રાજ્ય કક્ષાની ટેકનિકલ સમિતિ લાખની ખેતી માટે નાણાંકીય ધોરણ નક્કી કરવા અને ૨૦૨૨-૨૩થી કિસાન ક્રેડિટ કાર્ડમાં લાખની ખેતીનો સમાવેશ કરવા માટે છે. ઝોનલ કાઉન્સિલ ખાણકામ, અમુક વસ્તુઓ પર કેન્દ્રીય નાણાકીય સહાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, જમીન સંપાદન અને જમીન ટ્રાન્સફર, પાણીની વહેંચણી, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ (DBT), રાજ્યનું પુનર્ગઠન અને સામાન્ય હિતની પ્રાદેશિક સ્તરે અન્ય બાબતો સહિત વિવિધ મુદ્દાઓની ચર્ચા કરે છે. ઝોનલ કાઉન્સિલની દરેક બેઠકમાં રાષ્ટ્રીય મહત્વના ઘણા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવે છે. તેમાં ઝડપી તપાસ અને મહિલાઓ અને બાળકો સામેના બળાત્કારના કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (FSTC)નું સંચાલન, દરેક ગામની ૫ કિમીની અંદર બેંક/ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની શાખાઓની સુવિધા, બે લાખ નવી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની રચનાનો સમાવેશ થાય છે. (PACSs) દેશમાં, પોષણ અભિયાન દ્વારા બાળકોમાં કુપોષણને દૂર કરવા, શાળાના બાળકોના ડ્રોપ આઉટ દરમાં ઘટાડો, આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં સરકારી હોસ્પિટલોની ભાગીદારી અને રાષ્ટ્રીય સ્તરે સામાન્ય હિતના અન્ય મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે.

પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની સમીક્ષા બેઠક યોજાઈ

સાંસદશ્રીઓ, ધરાસભ્યશ્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયતમાં પ્રમુખશ્રીઓ તેમજ કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેની ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં વિકસિત ભારતસંકલ્પ યાત્રાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રીશ્રીએ વિવિધ યોજનાઓમાં સેચ્યુરેશન અચૂક પ્રાપ્ત કરવા પર ભાર મુક્યો. સાથોસાથ ગરીબો, વંચિતો અને ખેડૂતોને યોજનાનો લાભ આપવા સહિતની બાબતો પર સૂચનો આપ્યા હતા. આ ઉપરાંત મંત્રીશ્રીએ સાંસદશ્રીઓ, ધરાસભ્યશ્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યશ્રીઓનો અભિપ્રાય જાણ્યો હતો. બેઠકમાં ઉપસ્થિત કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી તેમના વિભાગની યોજનાની અમલવારી વિષયક માહિતી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, જિલ્લાના આઠ તાલુકાના વિવિધ ગામોમાં હાલ રથો ફરી રહ્યા છે. જ્યારે આગામી ૧૯ ડિસેમ્બરથી બાવળા તાલુકામાં

રથ કાર્યરત થઈ જશે. આજની બેઠકમાં સાંસદ શ્રી હસમુખ પટેલ, ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય સર્વશ્રીઓ બાબુભાઈ જમનાદાસ પટેલ, કિરિટસિંહ ડાભી, કાળુભાઈ ડાભી તથા અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે તથા જિલ્લા વિકાસઅધિકારી શ્રી મેહુલ દવેસહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

દેશના પશુપાલન અને દૂધઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતનું યોગદાન મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે કરેલા નિર્ણયની વિગતો આપતા પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારીસંઘોને મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના, કેટલફીડ ફેક્ટરીની સ્થાપના, એરીયા સ્પેસિફિક મિનરલ મિક્ષર પ્લાન્ટની સ્થાપના, સાઈલેજ બેલીંગ યુનિટ હાર્વેસ્ટર કમ ચોપર સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે જૂનાગઢ, મોરબી અને જામનગર જિલ્લા સહકારી દૂધ સંઘો માટે રાજ્ય સરકારે રૂ.૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરી છે. મંત્રી શ્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારના આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ-કચ્છ વિસ્તારના પશુપાલકોને દૂધનું સારુ વળતર મળશે અને પશુપાલન વ્યવસાયને વેગ મળશે. તેમણે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને 2 LLPD પ્લાન્ટના નવીનીકરણ અને 2 TPD પનીર પ્લાન્ટ સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦૬૯.૧૩ લાખની સહાય મંજૂર કરી છે. આ પ્લાન્ટના ઓટોમેશનથી પ્રોડક્શન કોસ્ટમાં ઘટાડો આવશે અને જિલ્લાના દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થવાથી જૂનાગઢ જિલ્લાના પશુપાલકોની આવકમાં વૃધ્ધિ થશે.

મહુવા તાલુકા સમિતિ, મહુવા, જી. સુરત દ્વારા નેશનલ લોક અદાલતનું આયોજન

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, ન્યૂ દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરતના આદેશાનુસાર તાલુકા સેવા સમિતિ, મહુવા, જી. સુરત દ્વારા તા. ૦૯-૧૨-૨૦૨૩ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જમીનને લગતા કેસો, બેંક રિકવરીને લગતા કેસો, ચેક રિટર્નના કેસોવગેરે કેસો મૂકવામાં આવ્યા હતા. વધુમાં મહુવા તાલુકાના ઊંડાણના વિસ્તારના પ્રજાજનોને સરળતાથી ન્યાય મળે તેવા હેતુથી ડી.જી.વી.સી. એલ, અને અલગ અલગ બેંકો દ્વારા પ્રી લિટીગેશનના કેસો મૂકવામાં આવ્યા હતા. આ તમામ કેસોમાં મહુવા કોર્ટમાં પેન્ડિંગ કેસમાંથી કુલે - ૫૫૨ કેસોનો નિકાલ બને પક્ષોની સંમતિથી કરવામાં આવ્યો હતો. જ્યારે પ્રિલીટીગેશન કેસોમાં કુલ ૧૪૪૪ કેસોમાંથી ૨૦૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

રિલાયન્સની સીએસઆર માંથી રિકાર્પેટ કરેલ પડાણાપાટિયા થી ચંગાપાટીયા વચ્ચેનો ૩૦ કિમીનો રોડ જીલ્લા પંચાયત વહીવટી તંત્રને સોંપવામાં આવ્યો

કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રીઓ શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી મૂળુભાઈ બેરા તથા સાંસદ શ્રી પૂનમબેન માડમ ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,
ભરત ભોગાયતા

જામનગર જિલ્લાના પડાણા પાટીયાથી ચંગા પાટીયા વચ્ચેના સર પી.એન. રોડ બે મુખ્ય રાજય માર્ગને જોડતા ૩૦ કી.મી. લંબાઈના મુખ્ય જીલ્લા માર્ગનું બાંધકામ વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ કંપની દ્વારારૂ. ૮૬.૯૬ કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું. આ માર્ગનું રૂ.૪.૩૦ કરોડના ખર્ચે સમારકામ કરી જિલ્લા પંચાયત વહિવટી તંત્રને સોંપવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામવિકાસઅને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રીશ્રી મૂળુભાઈ બેરા તથા સાંસદ શ્રી પૂનમબેન માડમહાજર રહ્યાહતા. તેમની ઉપસ્થિતમાં આ રોડ પંચાયત માર્ગ અને મકાન વિભાગને સોંપવામાં આવ્યો છે. તેમજ સર પી એન સર્કલના ડેકોરેશનની કામગીરી પૂર્ણ થતાં મહાનુભાવોના હસ્તે સર્કલ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જામનગર અને લાલપુર તાલુકાના ચંગા, ચંદ્રગઢ, પીપળી, ખોજા બેરાજા, કાનાલુસ, સેતાલુસ, મેઘનું ગામ, આરબલુસ,નવાણીયા, પડાણા, મેઘપર, જોગવડ સહિતના આ વિસ્તારના કુલ ૧૧ ગામો અને નજીકના વિસ્તારના કુલ ૨ લાખ

લોકો માટે આ રોડ આશીર્વાદ સમાન છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મયબેન ગરસર,કાર્યપાલક ઈજનેર શ્રી છૈયાભાઈ, અગ્રણીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ રિલાયન્સના અધિકારીશ્રીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર કોર્ટ સંકુલ ખાતે રાષ્ટ્રીય મેગા લોક અદાલત નું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ, નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર કોર્ટ સંકુલ ખાતે શનિવાર ના રોજ રાષ્ટ્રીય લોક

અદાલત નું આયોજન કરવામાં આવ્યું હતું આ લોક અદાલત માં વિવિધ પ્રકાર ના ૧૭૦૦ જેટલા કેસો મુકવામાં આવ્યા હતા આ કેસોના નિરાકણ માટે ભારે ઘસારો જોવા મળ્યો હતો રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નવી દિલ્હી ,ગુજરાતરાજ્ય કાનૂનીસેવા સત્તા મંડળ અને ભરૂચ જિલ્લા કાનૂની સેવા સત્તા ,મંડળ અને અંકલેશ્વર તાલુકા કાનૂની સેવાસત્તા મંડળ ના સંયુક્તઉપક્રમે અંકલેશ્વર કોર્ટ સંકુલ ખાતે સેસન્સ જજ શ્રી વી જે કલોતરા સાહેબ ની અધ્યક્ષતા હેઠળ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાંઆવ્યું હતું આ લોક અદાલતમાં મોટર અકસ્માત વળતરના કેસો ,સમાધાન લાયક ક્રિમિનલ કેસો ,દીવાની દાવાઓ, ફોજદારી કેસો રેલ્વે ના નોન કોગ્નેઝિબલ કેસો તેમજ મેટ્રિમોનિયલ કેસો સાથે ડી જી વી સીએલ ,બી એસએન એલ સહીત ના વિવિધ કેસો મળી કુલ ૧૭૦૦ જેટલા કેસો મુકવામાંઆવ્યા હતા કોર્ટ સંકુલ માં લોક અદાલત નો લાભ લેવા માટે ભારે ધસારો જોવા મળ્યો હતો .લોક અદાલતમાં અંકલેશ્વરબાર એસોસિએશન,કોર્ટ સ્ટાફ તેમજ ન્યાયાધીશોએ સેવા આપી હતી . લોક અદાલતના માધ્યમ થી નાગરિકો નો સમય ,વકીલ ફી તેમજ અન્ય આવવા જવાના ધક્કાઓ પણ બચી જતા હોય છે સાથે તાત્કાલીક ન્યાય મળી જતો હોય છે. ઉપરાંત નામદાર કોર્ટપર કેસો નું ભારણ પણઓછું થતુંહોય છે

સાબરકાંઠા જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ સમિતિ (દિશા) ની બેઠક યોજાઇ

કમલમ્ન્યુઝ,ઈકબાલ મેમણ

સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ સમિતિ (દિશા) ની બેઠક સાંસદશ્રી દિપસિંહ રાઠોડની અધ્યક્ષાતામાં સર્કિટ હાઉસ, હિંમતનગર ખાતેયોજાઇ હતી. આ બેઠકમાં સાંસદશ્રીદિપસિંહ રાઠોડે જણાવ્યુંહતું કે, સરકારશ્રીની લોક કલ્યાણકારી યોજનાઓજિલ્લાના જરૂરિયાતમંદ લોકોને સરળતાથી મળી રહે તે માટે સંબંધિત વિભાગે પૂરતાપ્રયત્નો કરવાજોઈએ. તેમજ સરકાર દ્વારા વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ નો ઉપયોગ સબંધિત હેતુ માટે થાય તે જરૂરીછે. દિશાનીબેઠકમાં ગટરના પ્રશ્નો,પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, જનની શિશુ સુરક્ષા યોજના,સરવે કામગીરી, આંગણવાડીના મકાન અંગે, પ્રધાનમંત્રી આવાસ

યોજના,સ્વચ્છ ભારત મિશન, મધ્યાહન ભોજન, પ્રધાનમંત્રી ઉજ્જવલાયોજના, નળ સે જળ યોજના સહિત વિવિધ વિભાગોની યોજના ની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ લાભાર્થીઓને થયેલા લાભ અને બાકી રહેતા લોકોને ઝડપથી લાભ મળે તે દિશામાં કામગીરી કરવા અધિકારીનેઅનુરોધ કર્યોહતો. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, હિંમતનગર ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલા, ઈડર ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા,જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર,સહિત વિવિધ પદાધિકારીઓ અને સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલચ દ્વારા સર્વ નેતૃત્વ - ૮૧મી પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર યોજાઈ

કમલમ્ ન્યુઝ,

કડી સર્વવિશ્વવિદ્યાલય દ્વારા પાંચ દિવસીય "૮૧મી સર્વ નેતૃત્વ" નિવાસીતાલીમ શીબીરનું આયોજનસર્વ વિદ્યાલય, કડી ખાતે તારીખ ૪થી ૮ડિસેમ્બર કરવામાં આવ્યું, જેમાં સર્વવિદ્યાલયની ૧૫ વિવિધ કોલેજોમાથી ૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. પાંચ દિવસીય કેમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્તિતરહી વિવિધપ્રવૃતિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવીધપાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમઆપી હતી. તેમેને તાલીમાર્થીઓને અત્મનીરીક્ષણ કરી સ્વમૂલ્યાકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનોયોગ્ય ઉપયોગકરતા શીખવ્યું, જીવનમાં માંબાપનું મહત્વ અને યોગદાનની વાત કરી, સામાજિક પ્રશ્નોથીવાકેફ કરીતેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપ્યું, "વાસુન્ધેય કુટુમ્બકમ" નો ભાવ જગાડવા કોમવાદ, જ્ઞાતિવાદ થી ઉપર ઉઠી માનવ બનવા આહવાન કર્યું અનેછેલ્લે જીવનમાંસફળ થવા પોતાના પવિત્ર હૃદયને સાંભળી પુરુષાર્થ દ્વારા આગળ વધવા શીખ આપી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે અમદાવાદના જાણીતા રિક્ષાવાળા ઉદયભાઈ

જાદવ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી જ્યારે ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને, હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ ડોક્ટર મણીભાઈ એસ પટેલ સાહેબ ઉપસ્થિત રહી સંસ્થાની વિસ્તૃતમાહિતી આપીસાથે સમાજ અને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે રાહુલભાઈ સુખડીયા અને પ્રો વરુણભાઈ શેલતદ્વારા કરવામાં આવ્યુંહતું. પૂર્વતાલીમાર્થીયુવરાજ વિહોલ, અભિષેક પંચાલ, હેતવી ડોંગા,વિક્રાંત રાઠોડદ્વારા કાર્યક્રમને સફળ બનાવવ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા ઓર્લાન્ડો USA દ્વારા ધર્મેન્દ્રભાઈ જે પટેલ નું સન્માન કરવામાં આવ્યું.

કમલમ્ન્યુઝ,બીના પટેલ

જયેશભાઈ અંબાલાલ પટેલ(અજરપુરા)- બોરીયાવી, ચેરમેન, ગુજરાતીસોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા યુ.એસ.એ દ્વારા ધર્મેન્દ્રભાઈ જે પટેલ નું ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા દ્વારા યોજવામાં આવેલ ગુજરાતી ગ્રુપ ડાન્સ સ્પર્ધા કાર્યક્રમ માં ચીફ ગેસ્ટ તરીકેઉપસ્થિત રહ્યાહતા આ ગ્રુપ ડાન્સ કોમ્પીટીશન અંતર્ગત ૭૦૦પ્રતિસ્પર્ધીઓ એ ભાગ લીધો હતો. જેમાં ૪૫૦૦ થી વધારે જન મેદની ઉમટી પડી હતી. ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા ઓર્લાન્ડો, સ્ટેટ ઓફ ફ્લોરિડા નું વિશ્વવિખ્યાત અને સૌથી મોટી સંસ્થા છે. જેમાં ૫૦૦૦ થીવધુ ગુજરાતી પરિવારો જોડાયેલા છે. આ કાર્યક્રમ વિવિધ શૈક્ષણીકઅને ધાર્મિક સંસ્થાઓ નો પણ સહયોગ સાંપડ્યો હતો. જેમાં



BAPS, અનુપમ મિશન, પુષ્ટિમાર્ગ - હવેલી, સાઈમંદિર, શિવ મંદિર, હિન્દુ મંદિર, લક્ષ્મી નારાયણ મંદિર, તથા તમામ હિન્દુઓ ના મંદિરના હોદ્દેદારો હાજરરહ્યા હતા સમગ્ર ફ્લોરિડાના બાળ શાળાઓ, મિડલ સ્કૂલ,તેમજ કોલેજોના અનેક વિદ્યાર્થીઓ એ પણ ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યક્રમ માં ગુજરાતી સમાજના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિતરહ્યા હતા.

સંસ્કૃત ગૌરવ પરીક્ષા ૯ તારીખે યોજાઈ

ગુજરાતના ૭૩૬ કેન્દ્ર પરથી ૭૮૬૪૭ પરીક્ષાર્થીઓ આ પરીક્ષા આપી

કમલમ્ન્યુઝ,રાકેશ વાળા

સંસ્કૃતભારતી ગુજરાત પ્રેરિત સંસ્કૃત ગૌરવ પરીક્ષા ગુજરાતમાં સંસ્કૃતનાપ્રચાર પ્રસાર માટેઅને ઘરઘર સુધીસંસ્કૃત પહોંચે તે લક્ષ્ય સાથે ગુજરાતમાં છેલ્લા ૧૯વર્ષોથી સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરી રહી છે. સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં આ વખતે સંપૂર્ણ ગુજરાતના ૭૩૬ કેન્દ્રો પરથી ૭૮૬૪૭ છાત્રોપરીક્ષા આપી.આ વખતે આ પરીક્ષામાં ઐતિહાસિક સંખ્યા થઈ છે.સંપૂર્ણ ભારતમાં જે જે સંસ્કૃતની પરીક્ષાઓ લેવાય છે તેમાં સૌથી વધુ સંખ્યા નોંધાયેલી હોય તો તે આ પરીક્ષામાં છે. આપણા તાપી જિલ્લા માંથી પણ લગભગ ૩૦૦૦ વિદ્યાર્થીઓ સંસ્કૃત ગૌરવ પરીક્ષા મા ભાગ લીધેલ છે. તા.૦૯ ને શનિવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ પ્રવેશિકા અને પ્રમોદીકાપરીક્ષા અને બપોરે ૦૧ થી ૦૨ પ્રદીપિકા અને પ્રવાહિકા પરીક્ષા યોજાય,આ પરીક્ષા પૂર્વે કેન્દ્ર સંયોજકો માટે ઓનલાઈન ચાર દિવસ ભણાવવાનું આયોજન પણ કરેલ

હતું.છાત્રોના અભ્યાસમાટે સંસ્કૃત ગૌરવ પરીક્ષા એપ્લીકેશન પરથી ખુબ સારી તૈયારી કરી શકે તેવું આયોજન કરેલ છે. સંસ્કૃતગૌરવ પરીક્ષા માં ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્રઅને દરેક કેન્દ્રને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે. સંસ્કૃત ગૌરવ પરીક્ષા સમિતિ આપરીક્ષા આપનાર દરેક છાત્રોને અભિનંદન પાઠવે છે. તથા તાપીજિલ્લાના સંસ્કૃતપ્રેમી શિક્ષકો ના અથાગ પ્રયત્નો થકી આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપીછે.તે સિદ્ધિપણ ઐતિહાસિક છે જે પ્રશંસનીય કામગીરી દર્શાવે છે. તાપી જિલ્લા ના બધા સંસ્કૃત પ્રેમી શિક્ષકો ને સંસ્કૃત સેવા બદલ સંસ્કૃત ભારતી ગુજરાત પ્રાંત ખૂબ ખુબ શુભેચ્છાઓઅને અભિનંદન પાઠવે છે. આપણા તાપીજિલ્લામાં પણ ૧૯ જેટલા કેન્દ્ર પર ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો. આ પરીક્ષા ને સફળ બનાવવા માટે તાપી જિલ્લાના બધા જ સંસ્કૃત પ્રેમી શિક્ષકોએ અમૂલ્ય સેવા આપી એ બદલ સંસ્કૃત ભારતીગુજરાત પ્રાંત તથા સંસ્કૃત ભારતી જિલ્લા સંયોજક શ્રી જિજ્ઞાસાબેન પટેલ તથા શ્રી રાહુલભાઈ જોષી (ગુજરાત પ્રાંત સંસ્કૃત ગૌરવ પરીક્ષા સમિતિ સંયોજક) તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાંઆવે છે.

ચોટીલા તાલુકાના ખેરાણા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

ચોટીલા તાલુકાના ખેરાણા ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્રભાઈ મુંજપરા અને ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિ પ્રધાનમંત્રીનું લાઈવ સંબોધન નિહાળ્યું

વિકસિત ભારત સંકલ્પ યાત્રા -રથના આગમન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ, 'ધરતી કહે પુકાર કે', સ્વચ્છતા ગીત સહિતના કાર્યક્રમો યોજાયા

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તા.૧૫મી નવેમ્બરે 'જનજાતીય ગૌરવ દિવસ'થી સમગ્ર દેશમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત કેન્દ્રીય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા અને આ વિસ્તારના ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં ચોટીલા તાલુકાના ખેરાણા ગામે કાર્યક્રમ યોજાયોહતો. કાર્યક્રમમાં સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી ડૉ.મહેન્દ્રભાઈ મુંજપરાએ જણાવ્યું હતું કે, છેવાડાના લોકો સુધી કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત આજે ચોટીલા તાલુકાના ખેરાણા ગામે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે આ યાત્રા થકી ભારત સરકારની આયુષ્યમાન ભારત યોજના,પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના જેવી અલગ-અલગ ૧૭યોજનાઓથી રાજ્યના દરેક નાગરિકો માહિતગાર બને અને આ યોજનાઓના લાભો લાભાર્થીસુધી પહોંચાડીશકાય એવા શુભ હેતુથી આ અભિયાનની શરૂઆત કરવામાંઆવીછે. વધુમાં તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજના, કસ્તુરબા ગાંધી વિદ્યાલય, આયુષ ગ્રામ યોજના વગેરે વિશે ઉપસ્થિત સૌને વિસ્તૃત જાણકારીઆપી હતી. કાર્યક્રમમાંશામજીભાઈએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યાંક સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. દેશના દરેક વર્ગને વધુ સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી મોટી આયુષ્માન ભારત યોજનાશરૂ કરી છે. દેશનાં૫૦ કરોડજેટલાંગરીબ

આગામી દિવસોમાં નર્મદાના પાણી આ વિસ્તારમાં મળે તે માટે સરકાર દ્વારા ઝડપી કામ કરવામાં આવનાર છે

લોકોના સ્વાસ્થ્યને આ યોજના અંતર્ગતઆવરી લેવામાંઆવ્યા છે. આયુષ્માન ભારતમાંકુલ ૧૩૫૦ પ્રકારની સર્જરી, તપાસ અને પ્રોસીજરનો લાભ મળે છે. દેશનાં પ્રત્યેક ગરીબ નાગરિકને મોટી બીમારીઓ અને મોટા ઓપરેશન તેમજ હોસ્પિટલમાં કરવામાં આવતી દરેકપ્રક્રિયાનો વિનામૂલ્યે લાભ મળશે. પ્રધાનમંત્રી આવાસ યોજના વિશેની વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં ચાર કરોડથી પણ વધારે પાકા મકાનો બનાવીને લોકોનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કર્યું છે. સજીવ ખેતી તરફ ખેડૂતો આગળ વધે તે પણ જરૂરી છે. આગામી દિવસોમાંનર્મદાના પાણી ખેડૂતોને મળશે તે માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત તેમણે દરેક લોકોને સરકારની વિવિધ યોજનાઓના લાભો લેવા જણાવ્યું હતું. ખેરાણા ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન યાત્રાનું સ્વાગત, પ્રધાનમંત્રીનો લાઈવ કાર્યક્રમ તેમજ પ્રધાનમંત્રીના સંદેશને નિહાળ્યો હતો સાથે વિકસિત ભારત માટે મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ સંકલ્પ લીધો હતો.કાર્યક્રમ અંતર્ગત મેરી કહાની મેરી ઝુબાની, ડ્રોન ડેમોસ્ટ્રેશન, પ્રાકૃતિક ખેતી

કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્રભાઈ મુંજપરા અને ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિ

સફળતાપૂર્વક કરનાર ખેડૂતો સાથે વાર્તાલાપ, સોઈલ હેલ્થ કાર્ડ, સાંસ્કૃતિક કાર્યક્રમ, 'ધરતી કહે પુકાર કે', સ્વચ્છતા ગીત જેવા ગીતોના ગાયન,તેમજ સફળ મહિલાઓ તેમજ સ્થાનિક રમતવીરોનું સન્માન, ગ્રામ પંચાયતની સિદ્ધિઓ લેન્ડ રેકોર્ડનું ૧૦૦% ડિઝીટાઈઝેશન, જલ જીવન મિશનના લાભો સહિતના કાર્યક્રમો યોજાયા હતા. સાથે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના સ્ટોલ તેમજ આરોગ્ય કેમ્પના સ્ટોલ રાખવામાં આવ્યા હતા જેનો લાભ ગ્રામજનોએ લીધોહતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસના નિયામક, પ્રાંત અધિકારી, મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા.

તલોદના કઠવાડા ખાતે ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ નું ઉત્સાહભેર સ્વાગત કર્યું

કમલમ્ન્યુઝ,ઈકબાલ મેમણ

સાબરકાંઠાજિલ્લાના તલોદ તાલુકાના કઠવાડા ગામે ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ લીધા હતા. લાભાર્થીઓને મહાનુભવોના હસ્તે

સહાય વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગામના સરપંચશ્રી, જન પ્રતિનિધિઓ, આગેવાનો, અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા.

રાજકોટ (સાયન્સ સીટી – રાજકોટ) ખાતે ગુજકોસ્ટ દ્વારા નોબેલ પ્રાઈઝ એવોર્ડસેરેમનીનું સીધા પ્રસારણનું આયોજન કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ (સાયન્સ સીટી – રાજકોટ) ખાતેસુપર સંડે અંતર્ગત ૨૦૨૩ની નોબલ પ્રાઈઝ વિનિંગ શોધો પર મોડેલ્સ મારફત માહિતી આપવામાં આવશે, સર સી. વી. રામન સાહેબની શોધપરનું નાટક રજુ કરવામાંઆવશે તથા ગુજકોસ્ટ દ્વારા નોબેલ પ્રાઈઝ એવોર્ડ સેરેમનીનું સીધા પ્રસારણનું આયોજન કરવામાં આવશે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ (સાયન્સ સીટી – રાજકોટ) ને ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોધ્યોગીકી વિભાગનાં નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ) હેઠળ વિકસાવામાં આવેલ છે. રીજીઓનલ સાયન્સ સેન્ટર - રાજકોટ સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી, જાગરૂકતા અને સંશોધનાત્મક અભિગમ પેદા કરવા માટે સતત કાર્યશીલ છે. રીજીઓનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારાવખતો-વખત "લોકો માટે, લોકો દ્વારા" અભિગમથી બાળકો, ગૃહિણીઓ, સિનિયર સિટીઝન સહિતતમામ વયજૂથનાં લોકો માટે વિવિધ વર્કશોપ્સ, એક્ટિવિટીઝ અને સેમિનારનું આયોજન કરવામા આવે છે. તારીખ ૧૦મી ડિસેમ્બર સર આલ્ફ્રેડ નોબેલની પુણ્યતિથિ છે. તેઓએ બનાવેલ વસીયતનામા મુજબ દર વર્ષે વિજ્ઞાન વિશ્વમાં કરાયેલ માનવજાતિ માટે કલ્યાણકારી શોધોને નોબેલ પારિતોષિક એનાયતકરવામાંઆવે છે. આપારિતોષિક દર વર્ષે તારીખ ૧૦ ડીસેમ્બરના રોજ સ્ટોકહોમ, સ્વીડન ખાતે ભવ્ય સમારંભ આયોજીત કરી એનાયત કરવામાં આવે છે. આ નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે 'સુપર સન્ડે' અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે, જેમાંસેન્ટરનીટીમ દ્વારા મોડેલ મારફત ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને ફિઝિયોલોજી તથા મેડિસીને ક્ષેત્રે જે શોધખોળોને નોબેલ પારિતોષિક મળેલ છે, તેના વિષે માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત ભારતના ખ્યાતનામ વૈજ્ઞાનિક અને નોબેલ પ્રાઈઝ વિજેતા સર સી. વી. રામન દ્વારા કરાયેલશોધ પરનુંનાટક 'કિરણની શોધ' રજુ કરવામાં આવશે તથા ગુજ કોસ્ટ દ્વારા પ્રસારિત થનાર નોબેલ પારિતોષિક સેરેમની ૨૦૨૩નું જીવંત પ્રસારણ બતાવવાનું આયોજન કરવામાં આવેલ છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ (સાયન્સ સીટી – રાજકોટ) ખાતે નોબલ પ્રાઈઝ ફોર ફિઝીક્સ (ભૌતિકશાસ્ત્ર) પર આધારિત ઈ.સ. ૧૯૦૧ થી ઈ.સ. ૨૦૨૦ સુધીમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલ વિવિધ શોધ તથા વૈજ્ઞાનિકોને એનાયત કરવામાં આવેલ નોબલ પ્રાઈઝ વિષેની સહવિસ્તૃત માહિતી ધરાવતી ગેલેરી આવેલ છે. આ સંદર્ભમાં સેન્ટર ખાતે તારીખ ૧૦ ડીસેમ્બર ૨૦૨૩-નોબેલ પ્રાઈઝડે નિમિત્તે વર્ષ ૨૦૨૩માં ફિઝીક્સ, કેમિસ્ટ્રી તથા ફિઝીયોલોજી અને મેડિસિને ક્ષેત્રે વૈજ્ઞાનિકોને મળવાપાત્ર થયેલ નોબલ પ્રાઈઝ પુરસ્કાર વિષે સમજુતી આપવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩નું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક પિયર એગોસ્ટીની, ફેરેક ક્રાઉઝ અને એન લ'હુલિયરને પદાર્થમાં ઈલેક્ટ્રોનની ગતિશીલતાના અભ્યાસ માટે પ્રકાશના 'એટોસેકન્ડ પલ્સ' ઉત્પન્ન કરવાની પ્રાયોગિક પદ્ધતિઓ માટે એનાયત કરવામાં આવેલ છે. જેમાં ૧ સેકન્ડના ૧૦ની ૧૮ ઘાત જેટલા નજીવા સમયમાંથતી ઈલેક્ટ્રોનની ગતિશીલતાના ફેરફાર પર સંશોધન કરવામાં આવેલ છે. આ અંગેની ઊંડાણપૂર્વક માહિતી દર્શાવતા વૈજ્ઞાનિક મોડેલ મુલાકાતીઓ માટે સાયન્સસીટી –રાજકોટના સભ્યો દ્વારા તૈયાર કરવામાં આવેલછે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૩નું રસાયણશાસ્ત્રનું નોબેલ પુરસ્કાર મૌંગી જી. બાવેન્ડી, લુઈસઈ. બ્રુસ અને એલેક્સી યેકિમોવને 'ક્વોન્ટમ ડોટ'ની શોધ અને સંશ્લેષણ માટે એનાયત કરવામાં આવેલ છે. કોઈપણ કણમાં આવેલ ૧,૦૦૦ થી ૧૦,૦૦૦ અણુઓના ક્લસ્ટરને ક્વોન્ટમ ડોટ તરીકે ઓળખવામાં આવે છે તથા આ ક્વોન્ટમ ડોટનું માપ ૧૦ નેનોમીટરથી પણ ઓછું હોય છે. આ ક્વોન્ટમ ડોટમાં આવેલ દરેક અણુનું અંદર આવેલ ઈલેક્ટ્રોનને ગતિ કરવા માટે મળવાપાત્ર થતી લંબાઈમાં જ્યારે વધઘટ કરવામાં આવે ત્યારે આ ક્વોન્ટમ ડોટના ભૌતિક ગુણધર્મો જેવા કે રંગમાં ફેરફાર જોવા મળે છે. જો લંબાઈ વધુ હોય તો આ ક્વોન્ટમ ડોટનો રંગ લાલ તથા આજ લંબાઈને ઘટાડવામાંઆવે તોક્વોન્ટમ ડોટનો રંગ ભૂરો જોવા મળે છે. આ શોધ માટે વર્ષ ૨૦૨૩નું રસાયણશાસ્ત્રનું નોબેલ પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત, ફિઝીયોલોજી અને મેડિસિન ક્ષેત્રે વર્ષ ૨૦૨૩માં નોબેલ પુરસ્કાર સંયુક્ત રીતે કેટાલિન કારિકો અને ડ્રુ વેઈસમેનને એનાયત કરવામાં આવશે.આ સદીની સૌથી ભયાનક મહામારી કોરોના (COVID-19) સામે લડવા માટેની સૌપ્રથમ mRNA આધારિત રસીની શોધ માટે આ બંને વૈજ્ઞાનિકોને નોબલ પ્રાઈઝ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, RNAમાંપણ ડ્રદ્ગદ્ગની જેમજ ચારમુખ્ય સમૂહ આવેલા હોય છે, જે એડીનાઈન - છ, યુરાસીલ - U, ગ્વાનીન - G, અને સાયટોસીન - ઝ ના નામથી ઓળખવામાં આવે છે. આજ ચાર સમૂહોમાં રાસાયણિક ફેરફારો કરીને વધુ પ્રભાવશાળી તથા આધુનિક રસી બનાવમાં આવેલ હતી. આ ઉપરાંત, 'સુપર સન્ડે' હેઠળ રીજીયોનલ સાયન્સ સેન્ટર –રાજકોટ ખાતેસમગ્ર એશિયાના પ્રથમ નોબેલ પ્રાઈઝ વિજેતા વૈજ્ઞાનિક સર સી. વી. રામન દ્વારા કરાયેલ શોધ કે જેને 'રામન ઈફેક્ટ' ના નામે ઓળખાય છે, તે પરનું નાટક 'કિરણની શોધ' સેન્ટરના સ્ટાફ દ્વારા મુલાકાતીઓ માટે રજૂ કરવામાં આવશે, જેથી આવનારી પેઢીપ્રેરિત થાય. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) ગાંધીનગરદ્વારા નોબેલ પ્રાઈઝ એવોર્ડ સેરેમની, સ્ટોકહોમ, સ્વીડનથી લાઈવ પ્રસારણ કરવામાં આવશે. આ પ્રસારણ તમામ લોકો વિના મૂલ્યે માણી શકશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે તારીખ ૧૦મી ડિસેમ્બર ૨૦૨૩ રવિવારના રોજ આખા દિવસ દરમ્યાન નોબલ પ્રાઈઝ ને લગની તમામ પ્રવૃત્તિઓ, ઉજવણીઓ અને માહિતી મુલાકાતીઓને વિના મૂલ્યે આપવામાં આવશે. જેના માટે મુલાકાતીઓએ ફક્ત સેન્ટરની એન્ટ્રી ટિકિટ તથા પાર્કિંગટિકિટ જ લેવાની રહેશે. આ સંદર્ભમાં સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી દ્વારા મુલાકાતીઓને વધુને વધુ સંખ્યામાં મુલાકાત લેવા માટે અપીલ કરવામાંઆવેલ છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના સુરાશામળ ગામે આગમન

ભારત સરકાર દ્વારા દસ વર્ષથી વિવિધ યોજનાઓ ચાલી રહી છે. લોકો યોજનાઓનો સો ટકા લાભ લે અને બાકી રહી ગયેલાઓ પણ ઘર આંગણે લાભ લે તે માટે વિકસિત સંકલ્પ યાત્રા તમારા ઘરે આવી છેઃ દેવુસિંહ ચૌહાણ-કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી

કમલમ્ ન્યુઝ,

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના સુરાશામળ ખાતેઆવીપહોંચતા, કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ, પી આઈ બી ગુજરાત રિજિયનના એ.ડી.જી શ્રી પ્રકાશ મગદુમ, ડીડીઓ શિવાની ગોયલ અગ્રવાલ, પ્રાંત અધિકારી કે.એસ. સુવેરાની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને લાભ અપાયા તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લાઈવ સાંભળ્યા હતા. સમગ્ર શુરાસામળ ગામ તથા પરા વિસ્તારનાપ્રજાજનોમોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે તાલી બે હાથેવાગે. તેવાક્યને સમજાવતા જણાવ્યું કે કેન્દ્ર સરકાર અને ગુજરાતસરકાર લાભ આપવા બેઠી છે. પરંતુ આમ પ્રજા વિવિધ યોજનાઓનો લાભ ના લેતો બીજી તાલી કઈ રીતે વાગે... મોદી સરકારે સંકલ્પ વિકસિત ભારત યાત્રા કાઢવાનું મુખ્ય કારણ ગ્રામ્ય કક્ષાએ સરકારની વિવિધ યોજનાઓ થીમાહિતગાર કરવાનો તથા આપવા પાત્ર તમામ નાગરિકોને ઘેર બેઠા લાભ પહોંચાડવાનો છે. તેઓએ વધુમાં ગ્રામજનો ને જણાવ્યું આ સંકલ્પ યાત્રા આવીછે. શેનો સંકલ્પ છે.... મોદીજીની ગેરંટીની ગાડી શું છે..? તેશેની ગેરંટી આપે છે..? આ બધા જ પ્રશ્નો ઉપસ્થિત થતા હશે, અને આ જ પ્રશ્નોમાં જવાબ માટે સંકલ્પ યાત્રા અહીં આવી છે. તેની વિસ્તૃત જાણકારી આપી હતી.

ભારતને વિકસિત બનાવવા મારો-તમારો -આપણો સાથ જરૂરી છે. તે જણાવી ગરીબોના જીવનમાં પરિવર્તન લાવવા દસ વર્ષથી વિવિધ યોજનાઓ ચાલી રહી છે તેમજ વિકસિતઅને વિકાસશીલદેશ કોને કહેવાય તેઅંગેની વાત કહી વધુમાં તેમણે જણાવ્યું કેભારત વિકાસશીલ દેશમાં આવતો સૌથી મોટી જનસંખ્યા ધરાવતો દેશછે. ૧૩૫ કરોડ લોકોનું જીવન ધોરણ સુધર્યુ છે અને મોટા પ્રમાણમાં લોકોને શૌચાલય ગેસ, વીજળી, પાકુ ઘર, આયુષ્યમાન કાર્ડ જેવી યોજનાઓના લાભ મળ્યા છે. આ પ્રસંગે ઉપસ્થિતલાભાર્થીઓને પણ સાંભળ્યા હતા અને વિકસિત ભારત બનાવવાસંકલ્પ પણ લીધો હતો. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લાઈવ પ્રશ્નોત્તરીથઈ અને તેમને સાંભળ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ, પી.આઈ.બી ગુજરાત રિજિયનના એડીજી શ્રી પ્રકાશમગદુમ, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ અગ્રવાલ સહિત ગામના સરપંચ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ સરકારની વિવિધ યોજનાઓના સ્ટોલ પર જઈ જાત માહિતી પણ મેળવી હતી.

અઠવાલાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 'ગાંધી શિલ્પ બજાર' મેળાને ખૂલ્લો મૂકતા કેન્દ્રીય રેલ્વે અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ

કમલમ્ ન્યુઝ,

શ્રીમતીદર્શનાબેન જરદોશ કેન્દ્રીય રેલ્વે અને ટેકસટાઈલ રાજ્યમંત્રીનાહસ્તે અઠવાલાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજિત હસ્તકલાપ્રદર્શન મેળો 'ગાંધી શિલ્પ બજાર'નો પ્રારંભ કરાયો હતો. જેમાં તા.૯થી ૧૫ ડિસેમ્બર સુધી દેશભરમાંથી આવેલા હસ્તકલાના કારીગરો દ્વારા બનાવાયેલી ઉત્કૃષ્ટ વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. ગુજરાત, મધ્યપ્રદેશ, દિલ્હી, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, રાજસ્થાન તેમજ ઉત્તર પ્રદેશ સહિતના રાજયોમાંથી અહીં આવેલા કારીગરો દ્વારા હેન્ડલૂમ કપડા, ચપ્પલ, બેગ્સ, ઘરેણા, ગૃહ

સુશોભનની વસ્તુઓ અને માટીના વાસણો જેવી વિવિધ હાથ બનાવટ અને કલાકારીગરીની ચીજવસ્તુઓ લોકોનું ધ્યાન આકર્ષે તેવી છે.

કોંગ્રેસના સાંસદ ધીરજ શાહુ પાસેથી પકડાયેલ ૨૦૦ કરોડથી વધુ ભ્રષ્ટાચારની રકમના સંદર્ભે શહેર ભાજપ દ્વારા પથિકાશ્રમ સર્કલ પાસે વિવિધ પ્લેકાર્ડ અને સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરાયો.

વિરોધ પ્રદર્શનમાં પૂર્વ મંત્રી, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપામીડિયા વિભાગનીઅખબારીયાદી જણાવે છે કે, કોંગ્રેસના ઝારખંડના સાંસદ ધીરજ શાહુ પાસેથી પકડાયેલ ૨૦૦ કરોડથી વધુ ભ્રષ્ટાચારની રકમના સંદર્ભે શહેર ભાજપ દ્વારા પથિકાશ્રમ સર્કલ પાસે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વમંત્રી, પૂર્વપ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્યશ્રીજીતુભાઈ વાઘાણી, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગેલ, સ્ટે. કમિટીચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, ચુંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ ઉપસ્થિતરહ્યા હતાં. વિવિધપ્લેકાર્ડઅને 'જહાં જહાં હે કોંગ્રેસ, વહા વહા હે લૂંટફાટ', 'હાય રે કોંગ્રેસ હાય' સહિતના સૂત્રોચ્ચાર કરી ભ્રષ્ટાચારમાં લિપ્ત કોંગ્રેસ પાર્ટીનો હુરિયો બોલાવાયો હતો.

તમને સૌને મતાધિકાર મેળવવાની પ્રેરણા આપવા ચૂંટણી તંત્ર તમારા દ્વારે આવ્યું છેઃ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે પાત્રતા ધરાવતા મતદારોને મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીનું પ્રેરક ઉદ્‌બોધન

મતદાર તરીકે પાત્રતા ધરાવતા યુવાઓને મતદાર નોંધણી માટે Voter Helpline App નું લાઈવ ડેમોન્સ્ટ્રેશનઃ ૧૫૦થી વધુ યુવાઓએ સ્થળ પર જ મતદાર તરીકે નોંધણી માટે અરજી કરી

કમલમ્ ન્યુઝ,

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ના અંતિમ દિવસે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની મુલાકાત લઈ લોકશાહીમાં દરેક મતના મૂલ્ય અને નાગરિક તરીકે મતદાનની નૈતિક ફરજ અંગે મતદાર તરીકે પાત્રતા ધરાવતા યુવાઓને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. યુવાઓ સાથે વાત કરતાં મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું કે, આજે ખરા અર્થમાં સશક્તિકરણ એટલે પોતાનું કામ કરવાની સ્વયંભૂ શક્તિ. તમે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છો ત્યારે યુવા તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી સશક્ત યુવા બનો. માત્ર મતદાર નોંધણી જ નહીં, ચૂંટણીના દિવસે મતદાન કરવું એ પણ તમારી નૈતિક ફરજ છે. તમને સૌને મતાધિકાર મેળવવાની પ્રેરણા આપવા આજે ચૂંટણી તંત્ર તમારા દ્વારે આવ્યું છે ત્યારે જાગૃત યુવા તરીકે આજે જ મતદાર યાદીમાં નામ નોંધાવવા અનુરોધ કરું છું. યુવાઓને લોકશાહીના સહભાગીઓ તરીકે આવકારતાં અધિક કલેક્ટર અને નોડલ ઓફિસર (આઈ.ટી) શ્રી રિકેશ પટેલે જણાવ્યું કે, આપ સૌ મેડિકલ ક્ષેત્ર સાથે જોડાયેલા છો ત્યારે લોકશાહીના સ્વાસ્થ્ય માટે પણ આપ સૌએ મતદાન દ્વારા પોતાની અમૂલ્ય ફરજ નિભાવવાની છે. સાથેજ શ્રી પટેલે મારા એક મતથી શું ફરક પડશે? તેવીમાનસિકતા દૂર કરી મતદાર યાદીમાં નામ નોંધાવવાભારતના ચૂંટણીપંચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલા ઓનલાઈન પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરવાઅપીલ કરીહતી. ગાંધીનગર જિલ્લા નાયબ ચૂંટણી અધિકારીશ્રી પાર્થ કોટડિયા દ્વારા નર્સિંગ કોલેજ ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાઓને મતદાર તરીકે નોંધણી કરાવવા Voter Helpline Appનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન દર્શાવી રજિસ્ટ્રેશન કરાવવા અપીલ કરી હતી. સાથે જ ભારતના ચૂંટણી પંચની સ્થાપના તથા અનેક પડકારો વચ્ચે લોકશાહીને વધુને વધુ સુદ્રઢ બનાવવાના સફરની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ અને 'હું ભારત છું' ગીત દર્શાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ લોકતાંત્રિક પરંપરાની મર્યાદા જાળવી નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે કોઈ પણ પ્રકારના ભેદભાવ કે પ્રલોભન વગર મતદાન કરવા શપથગ્રહણ કર્યા હતા. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની અપીલના પગલે સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ૧૫૦થી વધુ યુવાઓએ સ્થળપર જ VoterHelpline App ડાઉનલોડ કરી, મોબાઈલ એપના માધ્યમથી મતદાર તરીકે નોંધણી કરાવવા ફોર્મ ભર્યા હતા. આ કાર્યક્રમમાં નર્સિંગ કોલેજના આચાર્ય ડૉ. રાજેશ રાવલ, જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઓલપાડ તાલુકાના સોંદામીઠા ગામે આવી પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ભવ્ય સ્વાગત

સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધઃ કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો જરૂરિયાતમંદ નાગરિકો સુધી તેમના ઘર આંગણે પહોંચે તેવા આશયથી સુરતના ઓલપાડ તાલુકાના સોંદામીઠા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો, જ્યાં કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલરાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ અને ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષસંઘવીની તેમજ ગ્રામજનોએ સંકલ્પયાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. ગામની મહિલાઓએ ઘરના આંગણે રંગોળી પૂરી તેમજ યુવાનોએ ફટાકડા ફોડી સંકલ્પ રથને વધાવ્યો હતો. મંત્રીશ્રીઓના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. લાભાર્થીઓ સાથે મંત્રીશ્રીઓએ સંવાદ સાધી યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી દર્શનાબેને જણાવ્યું હતું કે, વિકસિત ભારત યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. યાત્રાના રથ થકી જરૂરિયાતમંદ લોકોને વિવિધયોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈરહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સોંદામીઠા ગામ મહિલા સમરસ ગામ બન્યું છે, ત્યારે ગામની મહિલાઓ મહિલા સશક્તિકરણની પ્રેરણા આપી રહી છે. દેશના વિકાસ માટે સો ટકા સેચ્યુરેશન પોઈન્ટ સુધી યોજનાકીય લાભો મળે એવા પ્રયાસોની વિગતો આપી તેમણે વ્યક્ત કરી વિકસિતભારત સંકલ્પ યાત્રા દ્વારા મહિલા, યુવાઓ, બાળકો, કિસાનોનું ભવિષ્ય બદલાવવાનો શુભાશય જણાવ્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગંગાસ્વરૂપા બહેનોને દર મહિને રૂ.૧,૨૫૦ ની નાણાકીય સહાય આપી તેઓને સરકારે આર્થિક ટેકો આપ્યો છે, ત્યારે સોંદામીઠા ગામે આજે એક જ દિવસમાં ૨૮ ગંગા સ્વરૂપા મહિલાઓને લાભ આપવામાંઆવ્યો છે.ઉપરાંત, એક જ દિવસમાં ૧૨૮ લાભાર્થીઓને આયુષમાન ભારતકાર્ડ, ૧૭ હળપતિ આવાસ, ૭ ટ્રાઈબલ આવાસ, ૧૮૮ કિસાનોને કિસાન સન્માન નિધિ યોજનામાં રજિસ્ટ્રેશન, ૧૦ વૃદ્ધોનેવૃદ્ધ સહાય યોજનાનો લાભ અપાયો છે, જે સરાહનીય છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રી એ કહ્યું કે, લોકોના જીવન બદલવાનું અને જીવન ધોરણ સુધારવાનું કાર્ય એ વિકસિત ભારત યાત્રાનું લક્ષ્ય છે. આ વિસ્તારના ધારાસભ્ય અને મંત્રીશ્રી મુકેશભાઈએ ઓલપાડ વિધાનસભાની ૧૨ હજારથી વધુ ગંગાસ્વરૂપ મહિલાઓને પ્રત્યેકને માસિક રૂ.૧૨૫૦ ની સહાય અપાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે એમ જણાવી તેમને મંત્રીશ્રીએ અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.કે. વસાવાએ સ્વાગત પ્રવચન કરતા સંકલ્પ યાત્રાનો હેતુ સમજાવી ઉમેર્યું કે, સુરત જિલ્લાના તમામ ગામોમાં તબક્કાવાર સંકલ્પ યાત્રા રથ પરિભ્રમણ કરી રહ્યો છે. તા. ૧૫મીનવે.થી આજ સુધીમાં સુરત જિલ્લાની ૫૬૬ ગ્રામ પંચાયતો પૈકી ૨૧૭ ગામોમાં રથ પહોંચ્યો છે. જેમાં કુલ ૧,૧૬,૬૩૨ લાભાર્થીઓનેયોજનાકીય લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા છે એમ જણાવી જરૂરિયાતમંદ ગ્રામજનોએ વિવિધ યોજનાકીય લાભો મેળવવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શાખાના અધિકારીઓએ પોષણ અભિયાન, પી.એમ કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી આપીને તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રીશ્રીઓ સાથે સંવાદ દરમિયાન પોષણઅભિયાન, પી.એમ.જે.વાય, હળપતિ આવાસ, ખેતીવાડી વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ વેળાએ દેશના વિવિધ રાજ્યોમાંથી કાર્યક્રમમાં જોડાયેલા લાભાર્થીઓ સાથે વડાપ્રધાનશ્રીએ જીવંત સંવાદ કર્યો હતો, જેનું ઉપસ્થિત સૌએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિની પટેલ, નવસારી એસ.પી.શ્રી સુશીલ અગ્રવાલ, અમદાવાદ દૂરદર્શનના ડિરેક્ટર(ન્યૂઝ) શ્રી ધર્મેન્દ્ર તિવારી, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી ભરત રાઠોડ, તા.પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, અગ્રણી બ્રિજેશભાઈ પટેલ, કુલદીપભાઈ, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય સ્ટાફ, પ્રા.શાળાના શિક્ષકો અને અન્ય વિભાગના અમલીકરણ અધિકારીઓ-કર્મચારીઓ સહિત આસપાસના ગામના સરપંચો, ગ્રામજનો, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લોકોના જીવન બદલવાનું અને જીવન ધોરણ સુધારવાનું વિકસિત ભારત યાત્રાનું લક્ષ્યઃ ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

મહુવા સુગરની ૪૮મી વાર્ષિક સાધારણ સભા સંપૂર્ણ સહકારમય વાતાવરણમાં પૂર્ણ થઈ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

મહુવાતાલુકાના આદિવાસી વિસ્તારમાં આવેલી ખેડૂતોની જીવાદોરી સમાન શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. બામણીયાની ૪૮ મી વાર્ષિક સાધારણ સભા મહુવા સુગર ફેક્ટરી તથા સુમુલ ડેરીના પ્રમુખશ્રી માનસિંહભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં સંસ્થાના વાઈસ ચેરમેનશ્રી બળવંતરાય પટેલ, સુગરના બોર્ડ ઓફ ડીરેક્ટરો, સુમુલ ડેરીના ડીરેક્ટરો, અન્ય સુગર ફેક્ટરીના ડીરેક્ટરો, ઉપરાંત ખુબ મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતાં. સૌને આવકારતું પ્રવચન કરતાં શ્રી માનસિંહ પટેલે સંસ્થાના પ્રત્યેક પાસાંઓની વિગતે છણાવટો કરી હતી તેમજ સંસ્થાના સભાસદોએ આપેલા સહકાર અને સંસ્થા પ્રત્યેની લાગણી બાબતે ભારોભાર પ્રશંસા કરી હતી. વધુ ઉત્પાદન મેળવેલ સભાસદોનું સન્માન કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં સભાસદોને ૫૦ મે.ટનથી વધુ ઉત્પાદન મેળવવા અનુરોધ કર્યો હતો. તેમજ સિઝન ૨૦૨૪-૨૫ થી ૧લી ઓકટબરથી જ રોપાણ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેને તમામ હાજર સભાસદોએ આવકાર્યો હતો. ગુજરાતની સહકારી પ્રવૃત્તિના હાથમાં આ ખાંડ ઉદ્યોગ હોવાને કારણે સભાસદોને પોષણક્ષમ ભાવ મળી રહે છે. વધુમાં આપણી સંસ્થાનો ફેકટરી પ્લાન્ટ પુર્ણક્ષમતાથી સરળતાપૂર્વક ચલાવવી સારી રીકવરી મેળવવા બદલ સંસ્થાના મેનેજીંગ ડીરેકટરશ્રી તથા અધિકારી-કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી. ૪૮ મી વાર્ષિક સાધારણ સભા સહકારમય વાતાવરણમાં સંપન્ન થઈહતી. અંતે આભાર વિધિ સંસ્થાના ડીરેકટરશ્રી વિપુલભાઈ પટેલે કરી હતી.

નાનામાં નાના-છેવાડાના માનવીને વિકાસની યાત્રામાં જોડીને વિકસિત ભારત@૨૦૪૭નો સંકલ્પ પાર પાડવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સક્ષમ માધ્યમ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

સૌના સાથ-સૌના વિકાસ-સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વડાપ્રધાનશ્રીએ વિકાસના નવા અવસરો દેશમાં આપ્યા છે : શ્રી ભૂપેન્દ્ર પટેલ

મંત્રીશ્રીઓ-પદાધિકારીઓ તારીખ ૯ થી ૧૨ ડિસેમ્બર દરમિયાન રાજ્યના જિલ્લા-નગરો-મહાનગરોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાશે

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, છેવાડાના નાનામાં નાના માનવીને વિકાસની યાત્રામાંજોડીને વિકસિત ભારત@૨૦૪૭ના વડાપ્રધાનશ્રીનો સંકલ્પ પાર પાડવામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સક્ષમ માધ્યમ બનશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સરકારની કલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચાડવા તથા ૧૦૦ ટકા સેચ્યુરેશનનો વિચાર સાકાર કરવા તા. ૧૫મી નવેમ્બરથી દેશવ્યાપી 'વિકસિતભારત સંકલ્પયાત્રા' શરૂ કરાવી છે. ગુજરાતભરમાં આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને જ્વલંત પ્રતિસાદ મળી રહ્યોછે અને કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓના લાભ સરકાર સામે ચાલીને લોકોને આપવા જાય છે જેનાથી સુશાસનથીસેવાનો સંકલ્પ ચરિતાર્થ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં શનિવારે ગાંધીનગર જિલ્લાના લવારપુર ખાતેથી સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ લવારપુરમાં આ યાત્રાના સભા મંડપમાં ઉપસ્થિત ગ્રામજનોની વચ્ચે સ્વજનની જેમ પહોંચી ગયા હતા અને બાળકો, મહિલાઓ, યુવાનો તથા વડીલ વૃદ્ધો સાથે સહજ સંવાદ કર્યો હતો. તેમણે સંકલ્પયાત્રા રથનું નિરીક્ષણ તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોની યોજનાલક્ષી માહિતી આપતા સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.આગામી તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી યોજાનારી આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, વિધાનસભાના ઉપાધ્યક્ષ, દંડક, નાયબ દંડક સહિતના

કલ્યાણકારી યોજનાઓ બને ત્યારથી માંડીને લાભાર્થી સુધી ૧૦૦ ટકા પહોંચે તેવો સેચ્યુરેશન પોઇન્ટનો વિચાર સુશાસનથી જન સેવાનો વડાપ્રધાનશ્રીનો નવીન અભિગમ છે

પદાધિકારીઓવિવિધ જિલ્લાઓમાં જોડાઈનેસરકારની યોજનાઓના લાભ લાભાર્થીઓને હાથોહાથ પહોંચાડશે. મુખ્યમંત્રીશ્રીએ લવારપુરમાં આયાત્રામાં જોડાયેલા ગ્રામજનોને સંબોધન કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સેચ્યુરેશન પોઈન્ટનો એવો નવતર અભિગમ અપનાવ્યો છે કે, જનકલ્યાણ યોજના બને ત્યારથી માંડીને લાભાર્થી સુધી ૧૦૦ ટકા પહોંચે છે. જરૂરતમંદ લોકોને હવે વિલંબ વિના લાભમળતા થયા છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, હવે સૌના સાથ - સૌના વિકાસ - સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વડાપ્રધાનશ્રીએ જનહિતકારીઅનેક યોજનાઓથી દેશમાં વિકાસના અપાર અવસરો ખોલ્યા છે. વડાપ્રધાનશ્રી દરેક યોજનાનાંકેન્દ્રમાં નાના-ગરીબ-વંચિત અને છેવાડાના માનવીના કલ્યાણનો જ ધ્યેય રાખે છે. માસ સ્કેલની યોજનાઓતેમની વિઝનરી લીડરશીપ અને દીર્ઘદ્રષ્ટિથી સફળતા પામી છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગામના રમતવીરોનું સન્માન તથા યોજનાનાલાભાર્થીઓને પ્રતિકરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાંઆ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અત્યાર સુધીમાં ૪ તાલુકાના ૫૭ ગામોમાં સંપન્ન થઈ છે. ૩૦ હજારથી વધુ ગ્રામીણ નાગરિકોતેમાં ઉત્સાહભેર જોડાયાછે તેમજ ૨૪હજારથી વધુ લોકોએ આરોગ્ય કેમ્પનો લાભ મેળવ્યો છે. ૨૯હજાર જેટલા લોકોએ વિકસિત ભારત માટે સંકલ્પ-પ્રતિજ્ઞા લીધીછે. એટલું જ નહીં, ડ્રોન દ્વારા દવા છંટકાવની પદ્ધતિનું નિરીક્ષણ ૧૮ ગામોમાં કરાયુંછે. આયુષ્માન ભારત કાર્ડ, પ્રાકૃતિક ખેતીમાટે ખેડૂતોને સમજ આપવા સહિતના વિવિધ જનહિત કાર્યક્રમો સફળતાથી પાર પડ્યા છે. આ યાત્રા પ્રસંગે અમદાવાદના પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ) ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ગાંધીનગર (ઉત્તર) ના ધારાસભ્ય શ્રીમતીરીટાબેન પટેલ, અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, અધિક વિકાસ કમિશનર શ્રી ડૉ. ગૌરવ દહિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી હિતેશ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભી ગૌતમ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સરકારની કલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા અને આ અંગે જાગૃતિ લાવવાના શુભ હેતુથી સંસદ મિતેશભાઈ પટેલે આણંદ જિલ્લાની આંકલાવ વિધાનસભાના નાપાડ તળપદ ગામે આયોજિત વિકાસ ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી. સરકાર આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, અમૂલ ડેરીના નિયામક અને આંકલાવ વિધાનસભાના ઉમેદવાર શ્રી ગુલાબસિંહ પઢિયાર, જિલ્લા સંગઠન ઉપપ્રમુખ શ્રી જશભાઈ મકવાણા, પ્રદેશ અધિકારી શ્રી વિમલભાઈ બારોટ, વિવિધ વિભાગોના કાર્યકરો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી ઘરઆંગણે પહોંચી રહી છે સુવિધાઓ:મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

કમલમ્ ન્યુઝ,

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની વર્ચ્યુઅલ માન. કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતસાહેબનીપ્રેરક ઉપસ્થિતિમાં અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ એવા 'વિકસિત ભારત સંકલ્પયાત્રા' અન્વયે સિદ્ધપુર ખાતે ગાગલાસણ ગામે લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરી; ગ્રામ્યજનોને વિવિધ સરકારી યોજનાઓ તેમજ અભૂતપૂર્વ નિર્ણયોથી વાકેફ કર્યા. આ વેળાએ ભાજપ સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચાડી તેમને સશક્ત બનાવવાનો સંકલ્પ દોહાવ્યો. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં ભારતભરમાં આર્થિક અને સામાજિક રીતે છેવાડાના

વ્યક્તિને સમાજની મુખ્યધારામાં જોડાવામાટેનું આ શ્રેષ્ઠ આયોજન છે. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ - નંદાજીઠાકોર, કલેક્ટર - શ્રી અરવિંદ વિજયન તાલુકા પંચાયતપ્રમુખ -ગીરીબેન ઠાકોર, ડી.ડી.ઓ -સોલંકીજી, આર.એ.સી - પ્રદીપસિંહ રાઠોડ, નાયબ ડી.ડી.ઓ - મકવાણાજી, તાલુકા ભાજપપ્રમુખ -વિક્રમસિંહ ઠાકોર, જસુભાઈ પટેલ, શંભુભાઈ દેસાઈ, જગદીશભાઈ પટેલ, મનજીભાઈ રાજપૂત, દિલીપજી ઠાકોર, પ્રાંત અધિકારી, આરોગ્ય અધિકારી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારી અને મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજ તાલુકાની થારોલી પાંજરાપોળ ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન યોજાયું

પશુ તજજ્ઞો દ્વારા પશુપાલનની યોજનાકીય તેમજ નવીન ટેકનોલોજી અંગે પશુપાલકોને માહિતગાર કરાયા

કમલમ્ ન્યુઝ,

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત-પશુપાલન શાખા, કામરેજ તાલુકા પંચાયત અને શ્રી સુરત પાંજરાપોળના સંયુક્ત ઉપક્રમે કામરેજની થારોલી પાંજરાપોળ ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન યોજાયું હતું. જેમાં તાલુકાના વિવિધ ગામોના ૨૦૦ પશુપાલકોને તજજ્ઞો દ્વારા પશુપાલનની યોજનાકીય તેમજ નવીન ટેકનોલોજીઅંગે માહિતગાર કરાયા હતા. આ શિબિરમાં કામરેજ નાયબ પશુપાલન નિયામકશ્રી ડો.મયુર ભિમાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરીપશુપાલન અને તેની ઉપયોગિતા અંગે સમજ આપી હતી. મંત્રીશ્રી પ્રફુલભાઈએ પશુપાલનનાવ્યવસાયને વ્યવસાય તરીકે ન લેતા આપણા પશુઓ પોતીકા અને પારિવારિક સભ્યો જ છે તેવી ભાવનાથી પાલન કરવા માટે ઉપસ્થિતપશુપાલકોને અપીલ કરીહતી. તેમણેસરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે પશુપાલકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખરેખાબેન પટેલ, જિ.પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ભારતીબેનરાઠોડ, તા.પંચા. સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ પુષ્પાબેનપરમાર, તાલુકા પંચાયતના દંડક મંજુબેન રાઠોડ, સુમુલ ડેરી ડિરેક્ટર બળવંતભાઈ પટેલ અને પશુપાલકો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

માંડવી તાલુકાના પાતલ ગામે મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

છેવાડાના ગરીબ, મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ :- મંત્રી કુંવરજીભાઈ હળપતિ

આદિજાતિ વિભાગના આવાસની સહાય વધારી રૂ.૨.૫૦ લાખ સુધી કરવામાં આવશે

આદિજાતિ મંત્રીના હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનીકલ્યાણકારી યોજનાઓ લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચે તેવા આશયથી સુરત જિલ્લાના માંડવી તાલુકાના પાતલ ગામે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' યોજાઈ હતી, જેમાં યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતના નિર્માણની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ગ્રામીણ, ટ્રાઈબલ તાલુકામાં સરકારની યોજનાકીય સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,ભગવાન બિરસા મુંડાનાજન્મભૂમિ ઝારખંડના ખૂંટી ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો આરંભ થયો હતો. પૂ. બિરસા મુંડાએ અંગ્રેજોની સામે લડત આપી હતી અને ખૂબ નાની ઉંમરે બલિદાન આપ્યું હતું. છેવાડાના માનવીનો વિકાસ થાય એ વિચારધારા સાથે વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત સંકલ્પયાત્રા રથશરૂ કર્યોછે, જેના થકી ૨૨ યોજનાઓના લાભો મેળવી શકાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે,રાજ્ય અનેકેન્દ્ર સરકાર છેવાડાના ગરીબ, મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશાપ્રયત્નશીલ રહીછે. ત્યારે પીએમ કિસાન સન્માન નિધિ યોજનામાં ખેડૂતોને દર વર્ષે ૬ હજારની સહાય આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં સિકલસેલ એનિમિયા દર્દીઓ માટે રૂ.૫ લાખનું કાર્ડઆપવામાં આવ્યું છે. વિદેશ અભ્યાસઅને ઈજનેરી અભ્યાસ માટે સરકાર રૂ.૧૫ લાખની જોગવાઈ પણ કરી છે. આરોગ્યની વાત કરતા તેમણે જણાવ્યું કે, ૧૦૮ જેવી ઈમરજન્સી સેવા સરકારે આપણને નિઃશુલ્ક સેવા આપી રહી છે, સાથે ખિલખિલાટ વાન સેવા આજે પ્રસૂતા બહેનોને બાળકની સાથે સુરક્ષિત ઘર સુધી મુકવા આવે છે. મંત્રીશ્રીએ કહ્યુ કે, પશુપાલકોને પશુ ખરીદી પર સહાય ૬૦ થી ૬૫ હજાર અને ટ્રાઈબલ આવાસની રકમ ૨.૫૦ લાખની જોગવાઈ આદિજાતિ વિભાગમાં કરાશે. આ વેળાએ પાતલ ગામે મંત્રીશ્રીના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાજર સૌએ આત્મનિર્ભર ભારત અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રતિજ્ઞા લીધી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું સૌએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે તા.પંચાયતના પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગીતાબેન પટેલ, માંડવી મામલતદાર મનીષભાઈ પટેલ, સરપંચ એસોસિયશનના પ્રમુખ કમલેશભાઈચૌધરી, માજી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ગીતાબેન, પટેલ તાલુકા પંચાયત સભ્યોશ્રી, મહિલા અગ્રણી ઈલાબેન ગામીત, ડેપ્યુટી સરપંચ ભુપેન્દ્રભાઈ વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી), તા.પંચાયત-આરોગ્ય કર્મચારીઓ, આઈસીડીએસના મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજ ખાતે ગૃહરાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો

અંત્યોદયની ભાવના એટલે 'તેરા તુજકો અર્પણ' પહેલ: શિક્ષણ રાજ્યમંત્રી

કાયદો અને ન્યાય વ્યવસ્થાને સુદ્રઢ કરી પ્રત્યેક નાગરિકોને સુખાકારી અને સુરક્ષાની ભાવનાનો અનુભવ થાય એવા પ્રયાસો સરકારે કર્યા છે: ગૃહરાજ્યમંત્રી

કમલમ્ ન્યુઝ,

સુરત જિલ્લા પોલીસ દ્વારા કામરેજ તાલુકા મથકે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને તથા શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમમાં ૨૪૨ ગુનાઓમાં પકડાયેલા રૂા.૮૯.૨૧ કરોડની કિંમતનો મુદ્દામાલ મૂળ માલિકોને હાથોહાથ પરત કરાયો હતો. કામરેજની રામકબીર કોલેજ ખાતે આયોજિત કાર્યક્રમને સંબોધન કરતા ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુંકે, રાજ્યના પ્રત્યેક નાગરિકોને તેમના લાભ હક્કોસરળતાથી મળી રહે તે માટે રાજ્યની પોલીસ સક્રિયતાથીકામગીરી કરીરહી છે. કોઈ પણ નાગરિકોને પોતાની ચોરાયેલી, અસામાજિક તત્વો પાસે ગયેલી ચીજવસ્તુઓ સહી સલામત મળીરહે, પોલીસસ્ટેશનના વારંવાર ધક્કા ખાવા ન પડે તે માટે પોલીસ દ્વારા 'તેરા તુજકોઅર્પણ' કાર્યક્રમો યોજીને 'તમારી ચીજો છે, તમને જ મળે' એવીભાવનાથી ચીજવસ્તુઓ સહી સલામત અર્પણ કરવામાં આવીરહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, રાજ્યભરમાં નાનાથીલઈને મોટા ગુન્હાઓમાં પોલીસ દ્વારા ત્વરિત અને દાખલારૂપ કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત અને જિલ્લા પોલીસ ડ્રગ્સના દુષણને ડામવા માટે પણ ઉદાહરણીય કાર્ય કરી રહી છે. કાયદો અને ન્યાય વ્યવસ્થાને સુદ્રઢ કરી પ્રત્યેક નાગરિકોને સુખાકારી અને સુરક્ષાની ભાવનાનો અનુભવ થાય એવા પ્રયાસો સરકારે કર્યા છે. ગૃહરાજ્યમંત્રીએ દરેક પરિવારના વડીલોને અનુરોધ કરતા કહ્યું કે, તમારા સંતાનો વાહન ચલાવતી વેળાએ હેલ્મેટ પહેરે તેની તકેદારી રાખજો.

દરેક વ્યકિત પોતાના જીવનની સાથે પરિવારજનો પણ સુરક્ષિત રહે તે માટે હેલ્મેટ પહેરવાની અપીલ કરીહતી. જિલ્લા પોલીસને નેશનલ હાઈવેપરના ડાર્ક ઝોન આઈડેન્ટીફાઈ કરીને અકસ્માતોને અટકાવવા માટેની કામગીરીહાથ ધરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીને ન્યાય મળે, અંત્યોદય થાય અને માલિકીની ચીજો પરત મળે તે માટે પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમો યોજી રહી છે. પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ ક્ષેત્રે અનેક જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરીને લોકોને જાગૃત કરવામાં આવ્યા છે. રાત-દિવસજોયા વિના પ્રજાની રક્ષામાટે કાર્ય કરતી પોલીસ જવાનોને અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે જિલ્લાના વિવિધ એસોસિયેશનોએ મંત્રીશ્રીનું સન્માન કર્યુ હતું. તેમજ ઉત્તમ કામગીરી કરનારા પોલીસ જવાનોને સન્માનિત કરાયા હતા. સ્વાગત પ્રવચનપોલીસ અધિક્ષકશ્રી હિતેશ જોયસર તથા આભારવિધિ બારડોલીના વિભાગીય પોલીસ અધિકારીએચ.એલ.રાઠોડેઆટોપી હતી. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવિનીબેન પટેલ, સંગઠનના પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ તથા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને વિવિધ મુદ્દામાલના મૂળ માલિકો, ફરિયાદીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028